# પ્રકરણ:૬

# 'શેષ પ્રશ્ન'-બંગાળી નવલકથામાં નારી છબીનો અભ્યાસ

# પ્રકરણ:૬ 'શેષ પ્રશ્ન'-બંગાળી નવલકથામાં નારી છબીનો અભ્યાસ

'શેષ પ્રશ્ન' શરદચંદ્ર ચટ્ટોપાધ્યાયની બંગાળી નવલકથા છે. તે બંગાળી ભાષામાં ઇ.સ.૧૯૩૧માં પ્રકાશિત થઈ. તેની પ્રથમ ગુજરાતી આવૃત્તિ ઈ. સ. ૧૯૫૬માં પ્રકાશિત થઈ. શરદચંદ્ર ચટ્ટોપાધ્યાય ની અન્ય નવલકથાઓ પણ તેના સ્ત્રીપાત્રો ને લઈને પ્રચલિત બની છે. જેમાં 'દેવદાસ', 'ચરિત્રહીન', 'ગૃહદાહ' વગેરેનો સમાવેશ થાય છે. આગ્રા શહેરમાં બંગાળી કુટુંબોના પરિવેશમાં રચાયેલી નવલકથા 'શેષ પ્રશ્ન' પણ તેના સ્ત્રી પાત્રોને લઈને ચર્ચાનો વિષય બની હતી. ગુજરાતી ભાષામાં આ નવલકથાનો અનુવાદ રમણલાલ ગાંધી દ્વારા કરવામાં આવ્યો છે.

'શેષ પ્રશ્ન' નવલકથામાં મનોરમા, કમલ, નીલિમા, માલિની અને વેલા જેવા સ્ત્રીપાત્રો છે. આશુબાબુ, અક્ષયબાબુ, અવિનાશબાબુ, શિવનાથબાબુ, અજીતબાબુ, હરેન્દ્ર બાબુ, સતીશ અને રાજન જેવા પુરુષ પાત્રો સાથે સ્ત્રીપાત્રો ના સંકુલ સંબંધોની ગૂંચવણ આ નવલકથામાં છે. 'શેષ પ્રશ્ન' નવલકથા 'પૂર્વાર્ધ' અને 'ઉત્તરાર્ધ'માં વહેંચાયેલી છે. અહીં પાત્રોની ચેતનામાં એકબીજા પ્રત્યેના સંબંધના આટાપાટા, આદર્શો, નૈતિકતા અને વ્યક્તિગત વિચારશીલતાને લઈને આંતરિક વિમર્શ રચાય છે. આગ્રા શહેરના પરિવેશમાં બંગાળી ઉચ્ચ કુળના સભ્યો અને તેની સામે શિવનાથ અને કમલ જેવા જીવનનો સ્વતંત્ર અભિગમ ધરાવતા નિમ્ન સ્તરના ગણાતા સભ્યો વચ્ચેની કશ્મકશ દ્વારા શરદચંદ્ર ચટ્ટોપાધ્યાયે ભારતીય આદર્શોનો પુનર્વિચાર કરી , રૂઢ અને ઘસાઈ ગયેલા માનસને વિમર્શની એરણ પર લાવવાનો પ્રયત્ન કર્યો છે. આ નવલકથાના મુખ્ય અને ગૌણ સ્ત્રી પાત્રોની નારી છબીના અભ્યાસનો ઉપક્રમ છે.

## ૬.૧ કથાવસ્તુ:

'શેષ પ્રશ્ન' નવલકથામાં ઘણા બંગાળી કુટુંબો આગ્રા શહેરમાં વસે છે. આશુતોષ ગુપ્ત એટલે કે આશુબાબુ આગ્રા શહેરમાં નવા છે. તેઓ તેમની પુત્રી મનોરમા સાથે બ્રહ્મસમાજી જીવન ગુજારે છે. વિધુર આશુબાબુને અધ્યાપક અવિનાશબાબુ, અક્ષયબાબુ અને આશ્રમ ચલાવતા હરેન્દ્રબાબુ સાથે સંગીત ભરી મહેફિલો માણવી ગમે છે. સંગીતપ્રિય આશુબાબુનો મેળાપ મહેફિલમાં શિવનાથ બાબુ સાથે થાય છે. શિવનાથબાબુના સૂરોથી મુગ્ધ બનેલ સૌને

અક્ષયબાબુ શિવનાથની ચારિત્ર ભ્રષ્ટતાથી વાકેફ કરે છે. દારૂબાજી અને ઉદ્ધતપણાને લઈને પ્રોફેસરી છોડવી પડી હોવાથી અને બિમાર પત્નીનો ત્યાગ કરીને બીજું લગ્ન કરવાને લીધે શિવનાથબાબુ પ્રત્યે અક્ષયબાબુને મનમાં તિરસ્કાર છે. આશુબાબુ શિવનાથનો સ્વભાવ જાણતા હોવા છતાં તેની સાથે ખરાબ વર્તન કરી શકતા નથી.

શિવનાથની સાથે શૈવવિવાહ થયા છે તે કમલ સાથે સૌનો પરિચય થતાં આશુબાબુ, અક્ષયબાબુ અને અજીત જેવા પુરુષ પાત્રોના મનમાં વિચારોનો વમળ ઊઠે છે. નૈતિકતા અને મર્યાદા પર પહેલો ઘા થાય છે. મનોરમા જેવા સુશીલ અને સૌમ્ય ગણાતા સ્ત્રી પાત્રના મનમાં પણ અશાંતિ થાય છે. કમલના પ્રેમ, તાજમહેલ, એકપત્નીત્વ અને લગ્ન પ્રત્યેના મંતવ્યો જાણીને અક્ષય તેને અશ્લીલ અને દલીલબાજી સ્ત્રી તરીકે ચિત્રિત કરે છે. આશુબાબુ જેને દાસી ગણતા હતા તે કમલ પ્રત્યે તેમના મનમાં સહિષ્ણુતાનો ભાવ જાગે છે. અવિનાશબાબુ કમલની દલીલોથી દંગ થઈને તેની હિંમત જોઈને આશ્ચર્ય અનુભવે છે. કમલના નૈતિકતા અને પરંપરાની વિરુદ્ધના મંતવ્યો એક પછી એક પ્રસંગે વિના અચકાટે બોલાતાં જોઈને સૌના મનમાં કમલ પ્રત્યે ધીમે ધીમે ક્ષોભ પેદા થતો જાય છે. અજીત બાબુ સાથે કારમાં કમલ ફરવા જાય છે ત્યારબાદ અજીત બાબુને મનમાં કમલ પ્રત્યે નિકટતા પેદા થાય છે. કમલ અજીતબાબુને પોતાની મા અને જન્મ વિશેની હકીકતો જણાવવામાં પણ અચકાતી નથી. તે બાબતે અજીત બાબુને આશ્ચર્ય થાય છે. નવલકથામાં આગળ જતા આશુબાબુને કમલ પ્રત્યે પુત્રી તણો સ્નેહ જાગે છે.

અક્ષયબાબુને કમલ પ્રત્યે એટલો તિરસ્કાર વધતો જાય છે કે, તેઓ છાપામાં કમલની બદનામી કરતો લેખ લખે છે. બંગાળી મેજિસ્ટ્રેટની સ્ત્રી માલિની, મનોરમા, નીલિમા અને તેમના જેવી અન્ય બંગાળી ભદ્ર કુટુંબની સ્ત્રીઓ ભેગી થઈને 'નારી કલ્યાણ મંડળ'નીરચના કરે છે. અક્ષય અને અવિનાશ જેવા પુરુષ સભ્યો પણ આ મંડળીમાં સહાય માટે જોડાય છે. અવિનાશ, હરેન્દ્ર, અજીત અને આશુબાબુની હાજરીમાં ભારતીય મહિલાઓની શિયલ પ્રીતિ વિષે અક્ષયબાબુ વ્યાખ્યાન આપે છે. જેમાં કમલને ઉદ્દેશીને ભારતીય આદર્શોમાં ન માનનારી સ્ત્રીની બદનામી કરે છે. સીતા-સાવિત્રી જેવી સતીઓનો ઉલ્લેખ આ વ્યાખ્યાનમાં થાય છે. આ વ્યાખ્યાન સાંભળીને નીલિમાને કમલને મળવાનું મન થાય છે. કમલ અને નીલિમાના મેળાપ દરમિયાન નીલિમાની જીજાજી અવિનાશ બાબુના ઘરની સેવા જોઈ અને હરેન્દ્ર બાબુના આશ્રમની વાત જાણી ખોટા ગૌરવ વિશે તાર્કિક દલીલ કરે છે.

'શેષ પ્રશ્ન' નવલકથાના 'ઉત્તરાર્ધ'માં આગ્રામાં ઇન્ફ્લુએન્ઝા રોગનો ફેલાવો થાય છે. શિવનાથ માંદો છે તેની જાણ થતા કમલ તેને મળવા જાય છે. શિવનાથે કમલને ત્યાગી હતી એ કારણોસર તે બંને વચ્ચે ફરીથી સમાધાન થવું શક્ય નથી. આ જ સમય દરમિયાન શિવનાથ અને મનોરમા વચ્ચે આકર્ષણ પેદા થાય છે. ઇન્ફ્લુએન્ઝામાં આશુબાબુ, અક્ષયબાબુ અને કમલ પણ બિમાર પડે છે. તેમ છતાં કમલ જે મહોલ્લામાં રહે છે ત્યાં વસતા મોચી સમુદાયના માણસોની સેવા કરે છે. હવે કમલને શિવનાથ પ્રત્યે કોઈ તિરસ્કાર રહેતો નથી. જ્યારે આશુબાબુ અને હરેન્દ્રને કમલમાં ધીરે-ધીરે શ્રદ્ધા બેસે છે. રાજન વિશેની સચ્ચાઈ જાણવા છતાં કમલને રાજન પ્રત્યે અનુરાગ જાગે છે અને બીજી બાજુ અજીત પ્રત્યે પણ તે ખેંચાણ અનુભવે છે. નીલિમા અને કમલનું વેલા સાથે પણ મિલન થાય છે. ફ્રેન્ચ વાર્તા 'જ્યારે હું સ્ત્રી હતો' ને લઈને પણ નવલકથાના પુરુષ પાત્રો અને સ્ત્રી પાત્રો વચ્ચે ચર્ચા થાય છે. મનોરમા શિવનાથ સાથે લગ્ન કરવાનું નક્કી કરે છે અને પિતા આશુબાબુને એ વિશે પત્ર લખે છે. વ્યથિત આશુબાબુને તે બંનેના લગ્નની સંમતિ માટે કમલ મનાવે છે. આશુબાબુને જીવનના ઉત્તરાર્ધમાં વિલાયત જવાની ઈચ્છા છે. મથુરાના મંદિરની પ્રતિમાને આગથી બચાવવા જતા રાજનનું મૃત્યુ થાય છે. બધા વચ્ચે અજીત કમલ લગ્ન માટે પ્રસ્તાવ મૂકે છે. સમગ્ર નવલકથામાં ભારતીય આદર્શો, નૈતિકતા, મર્યાદા, સ્ત્રી ધર્મ, સ્વતંત્રતા અને જ્ઞાનને લઈને જે 'શેષ પ્રશ્ન' છે, તેનો ઉત્તર કમલ નવલકથાને અંતે આપે છે. અંતે, અજીત અને કમલ અમૃતસર જવા માટે નીકળે છે.

## ૬.૨ 'શેષ પ્રશ્ન'- બંગાળી નવલકથાના મુખ્ય પાત્રોની નારી છબી નો અભ્યાસ:

'શેષ પ્રશ્ન'નવલકથામાં મનોરમા, કમલ અને નીલિમા જેવા મુખ્ય નારી પાત્રોનો સમાવેશ થાય છે. જેની નારી છબીનો અભ્યાસ કરવાનો ઉપક્રમ છે.

### ૬.૨.૧ મનોરમા:

મનોરમા આશુબાબુની પુત્રી છે. આશુબાબુ બ્રહ્મસમાજી હોવાથી પુત્રીનો ઉછેર પત્નીના મૃત્યુ બાદ કાળજીપૂર્વક કર્યો છે. બાબાજીને પસંદ ન હોવાથી મનોરમા માંસ-માછલા ખાતી નથી.

સંગીતની મહેફિલમાં શિવનાથ વિશે અક્ષયનો અભિપ્રાય જાણી, શિવનાથનો તિરસ્કાર કરવા માંડે છે. મનોરમાનો સ્વભાવ સાદાઈભર્યો, સૌમ્ય, શાંત અને મૃદુ છે. તેની વાણી મીઠી છે. કોઈના ચારિત્ર્ય વિશે આ વાત સાંભળી નિર્ણય કરી નાખનાર મનોરમાને શિવનાથ અને તેની પત્ની કમલ બંને પ્રત્યે તિરસ્કારનો ભાવ જાગે છે. કમલને જોઈને દાસીકન્યા માનતી મનોરમાને તેના પ્રત્યે ઊંચ-નીચનો ભેદભાવ જાગે છે. મનોરમા કહે છેઃ "ઊંચનીચનો ઘણો ભેદ ન રાખવો, એ વાત મને માન્ય છે. પણ ઊંચ-નીચ વચ્ચે કાંઈક ભેદ તો અવશ્ય રહેવો જોઈએ. નોકર-ચાકરો જેવી જાતો સાથે કાંઈ આપણાથી ભાઈચારો ન જ રાખી શકાય ને!" (પૃષ્ઠ ૩૪)

કમલ અને શિવનાથે શૈવવિધિથી લગ્ન કર્યા છે તે જાણીને મનોરમા ગુસ્સે થાય છે. મનોરમા ભારતીય આદર્શોમાં માનનારી છે, જેને કારણે લગ્ન જેવી સંસ્થા પ્રત્યે તેને પૂર્ણ શ્રદ્ધા છે. તે બ્રહ્મસમાજી હોવા છતાં અજીતના શાસ્ત્રીજીની વાત-' જો લગ્ન થશે તો ત્રણ વર્ષ અને ત્રણ મહિનામાં મણિ વિધવા થશે'ને માની લઈને તે બ્રહ્મચર્ય પાડે છે અને ખાવા-પીવામાં પણ મર્યાદા પાડે છે. તે કહે છેઃ "આપણે તો જે મન વડે વિચાર કરી ચૂક્યા છીએ તે બસ છે. ભગવાને મારા ભાગ્યમાં જે લખ્યું છે, તે સહન કરી લેતા મને આનંદ થશે."(પૃષ્ઠઃ૫૭)

કમલના તાજમહેલ, એકપત્નીત્વ અને લગ્ન વિશેના અભિપ્રાય જાણીને મનોરમાને કમલ સામાન્ય દાસીકન્યા નથી તેની પ્રતીતિ થાય છે સાથોસાથ તેનામાં આત્મસંયમ નથી તેવો અભિપ્રાય બંધાય છે. મનોરમાને કમલને લઈને પિતા આશુબાબુ સાથે અનેક દલીલો થાય છે. મનોરમામાં કમલના વિચારોને કોઈ પૂર્વગ્રહ વગર મૂલવવાની મોકળાશ નથી. તેના મનમાં કમલ વિશે જે અભિપ્રાય બંધાઈ ગયો છે, તેની ઉપર થઈને તે વિચારી શકતી નથી. જ્યારે શિવનાથ વિશેના અભિપ્રાયને બદલીને તે શિવનાથને ઝાડને ઓથે મળવા પણ ઉભી રહે છે. જેમ અજીતને કમલ પ્રત્યે આકર્ષણ જાગે છે, તેમ મનોરમાને શિવનાથ પ્રત્યે આકર્ષણ પેદા થાય છે. જેને કારણે તે અજીતથી દૂર થતી જાય છે. તેના કમલ પ્રત્યેના તિરસ્કારમાં ક્યાંક ઈર્ષ્યા પણ છૂપાયેલી છે.

મેજિસ્ટ્રેટની પત્ની માલિની મનોરમાની સખી છે. 'નારી કલ્યાણ મંડળ' સમિતિમાં આધુનિક શિક્ષા પ્રાપ્ત કર્યા છતાં, ભારતીય પરંપરા અનુસરનારી જે સ્ત્રીઓ છે તેના ચોકઠામાં

મનોરમા બંધ બેસે છે. અવિનાશબાબુનો મનોરમા પ્રત્યેનો અભિપ્રાય પણ કંઈક આવો જ છેઃ "આપણામાંના ઘણાના મનમાં આવું છે, કે આપણી દીકરીઓને અંગ્રેજી પણ આવીએ છીએ, એટલે તેઓ મડમડી બની જાય છે, અને આપણા પ્રાચીન અને મધુર હિન્દુ સંસ્કારોનો નાશ થઇ જાય છે. તમારી મણિના જ ઉદાહરણ પરથી કહો, કે આપણા વિચારો કેવા ખોટા છે."(પૃષ્ઠઃ ૫૮) મનોરમા શિક્ષિત હોવા છતાં અક્ષય બાબુના સતી વિશેના વક્તવ્ય સાથે સંમત છે. તેમાં જ તેના વિચારોની પરિપક્વતાનો ખ્યાલ આવે છે. જે શિવનાથ પ્રત્યે તેના મનમાં દ્વેષ હતો, તેને તે સંગીતગુરુ પણ બનાવે છે. મનોરમા બિમાર શિવનાથની સેવા કરે છે. શિવનાથની કુટિલતા અને અસત્ય બોલવાની આદતને મનોરમા જે રીતે અવગણે છે, તેમાં લેખક તેની માનસિકતા પર વિરોધાભાસ રચીને પુરુષની જાળમાં વિના વિચાર કરે ફસાતી સ્ત્રીઓની છબી પૂરી પાડે છે.

જે મનોરમા શિવનાથ પ્રત્યે પોતાનો અભિગમ બદલે છે, તે મનોરમા કમલ પ્રત્યે નવલકથાનાં અંત સુધી પોતાનો અભિપ્રાય બદલી શકતી નથી. અક્ષય જેવા વિચારોની જડતા ધરાવતા પુરુષ પાત્રો પણ કમલ વિશે દૃષ્ટિકોણ બદલે છે, ત્યારે મનોરમાનું પાત્ર સ્ત્રી સ્વભાવની કુંઠિતતાને રજૂ કરે છે. મનોરમાના વિચાર અને વર્તનમાં લેખક વિરોધાભાસ રચે છે. જેને કારણે નવલકથાની શરૂઆતમાં મૃદુભાષી મનોરમા નવલકથાના અંત સુધી શિવનાથ જેવા લંપટ પાત્ર સાથે લગ્ન કરવાનો નિર્ણય લે છે. જે શિવનાથ ગરીબાઈને કારણે કમલનો ત્યાગ કરે છે, તે શિવનાથ સમૃદ્ધ ઘરની મનોરમા સાથે લગ્ન કરવા તૈયાર થાય તે સ્વાભાવિક છે.

મનોરમાનું પાત્ર પરિસ્થિતી અને માણસનાં વ્યક્તિત્વને ઉપર-ઉપરથી વિચારી નિર્ણય લેવાવાળું પાત્ર છે. વિચારોની અપરિપક્વતાને કારણે તે આચાર-વ્યવહાર-મર્યાદાનું સંપૂર્ણ ધ્યાન રાખતી હોવા છતાં તે શિવનાથનાં પ્રેમમાં પડે છે. શિક્ષિત, સંસ્કારી અને ભારતીય સ્ત્રીની છબીનાં ચોકઠામાં બંધબેસતી હોવા છતાં તેનું પાત્ર નવલકથાનાં 'ઉત્તરાર્ધ'માં મર્યાદિત બને છે. કમલનાં પાત્રની સંકુલતા સમજી શકાય તે કારણોસર મનોરમાનાં પાત્રને આ વળાંક આપવામાં આવ્યો હશે તેવો આભાસ થાય છે. નવલકથાનાં ઉત્તરાર્ધમાં મનોરમાનાં પાત્રનો ઉલ્લેખ ઓછો જોવા મળે છે. જે કમલનાં પાત્ર સાથે વિરોધાભાસ રચે છે.

## ૬.૨.૨ કમલઃ

નવલકથામાં કમલનું પાત્ર વિશિષ્ટ છે. શિવનાથ પોતાની પ્રથમ પત્નીને બિમારીના કારણે ત્યજે છે, તે શિવનાથની બીજી પત્ની કમલ છે. આશુબાબુ અને મનોરમાને સૌપ્રથમ કમલનો પરિચય દાસી કન્યા તરીકે થાય છે. કમલને જ્યારે મનોરમા દ્વારા ભેદભાવની લાગણી અનુભવાય છે ત્યારે તે સ્પષ્ટ રીતે કહે છે કેઃ " અમે કોણ છીએ અને શી જ્ઞાતિના છીએ, તે તમારે મનમાં લાવવાની જરૂર નથી. અમે કાંઈ તમારી સાથે આવીને, બેસવાનો દાવો કરવાના નથી."(પૃષ્ઠઃ૪૯) કમલ અત્યંત સુંદર સ્ત્રી છે. આશુબાબુ કમલના મુખની સરખામણી શિશિર ઋતુથી ધોવાયેલા કમળ સાથે કરે છે. સહિષ્ણુ અને શાંત સ્વભાવના આશુબાબુ કહે છેઃ "એ સ્ત્રી તો જાણે લક્ષ્મીદેવીની પ્રતિમા જ છે. મે એવું સૌંદર્ય કોઈપણ સ્થળે જોયું ન હતું." (પૃષ્ઠઃ૪૫) કમલના સૌંદર્ય પર સૌ કોઈ વારી જાય તેમ છે છતાં શિવનાથ સાથે તેના લગ્ન શૈવ મત પ્રમાણે થયા છે તે જાણીને સ્ત્રી હોય કે પુરુષ, સૌ કોઈના મનમાં આશ્ચર્ય અને તિરસ્કાર જાગે છે.

કમલ માનસિક રીતે પરિપક્વ અને સ્વસ્થ સ્ત્રી છે. તેથી જ કોઈપણ મુદ્દે પુરૂષ પાત્રોની સામે પણ તાર્કિક દલીલ કરવામાં તેને અચકાટ થતો નથી. તેના વિચારો અને વર્તન એક જેવા છે. તાજમહેલની મુલાકાત દરમિયાન જ્યારે સૌ શાહજહાંના પ્રેમને લઈને વખાણ કરી રહ્યા હતા ત્યારે કમલનો એકનિષ્ઠ પત્ની પ્રેમ વિશેનો અભિપ્રાય જાણી સૌ કોઈ દંગ રહી જાય છે. તે કહે છેઃ " શાહજહાંના પત્ની પ્રેમને એકનિષ્ઠ પત્ની પ્રેમ કહેવો, એ તો લજ્જાહીન મશ્કરી છે. સમ્રાટ શાહજહાંને અનેક બેગમો હતી. તેમાં કદાચ સમ્રાટ બીજી બધી બેગમો કરતા મુમતાજને થોડી વધારે ચાહતા હશે, તેમાં શું થઈ ગયું! એ કાંઈ એકનિષ્ઠ પત્ની પ્રેમ ન કહેવાય." (પૃષ્ઠઃ૬૫) તાજમહેલ પણ તેના માટે પ્રેમનું પ્રતિક નથી. તે કહે છેઃ " સમ્રાટને મકાનો બાંધવાનો જે અગાધ શોખ હતો, તે શોખ દર્શાવનારું જ તે એક ચિન્હ છે, એવી મારી માન્યતા છે." (પૃષ્ઠઃ૬૫) કમલના પ્રેમ વિશેના આ વિચારો સાંભળી સૌના મન ઉદ્વિગ્ન થઈ જાય છે. તેઓને કમલ સ્ત્રી મર્યાદાનું ઉલ્લંઘન કરતી જણાય છે. આ સંદર્ભે મુખીયાનાં મત પ્રમાણે"Kamal in Shesh prashna in her own way and in what she thought was a rational

and pragmatic fashion, challenged all the "time honoured" and "tradition bound" formats of hierarchical human relationships and tried to put them in a somewhat feminist perspective. She very openly questioned the wisdom of accepting everything received and did so in the face of stiff male opposition. While admiring the beauty of the Taj Mahal, she remained unimpressed by the theory of Shah Jahan's single-minded devotion to his wife" ૧ 'સમયનાં વ્યાપ' અને 'પરંપરાથી બંધાયેલ' વિચારોને જેમ છે તેમ જ સ્વીકારવામાં કમલ નથી માનતી. જડ પુરુષપ્રધાન વિચારો સામે તે નારી દષ્ટિકોણથી પ્રશ્ન કરે છે. તેથી તે શાહજહાંનાં એકનિષ્ઠ પ્રેમનું પ્રતીક તાજમજહલ છે તે નથી સ્વીકારતી.

મૃત્યુ પામેલી પત્નીની સ્મૃતિઓને આધારે બાકીનું જીવન જીવવું તે કમલને મન આદર્શ જીવન નથી. કમલની દલીલો તેમને મન જુવાનીના જોમમાં ફાટું ફાટું થઈ રહેલી સ્ત્રીની નફ્ફટાઈ છે. કમલના લગ્ન વિશેના વિચારો જાણીને પણ ત્યાં ઉપસ્થિત આશુબાબુ, અક્ષયબાબુ, અવિનાશબાબુ અને અજીતના મન અસ્વસ્થ બની જાય છે. આ સંદર્ભે લેખક લખે છે કેઃ "કમલ જે વિચારો રજૂ કરી ગઈ હતી, તે સાંભળ્યા પછી બધાના અંતરમાં એ અજબ વિચારોએ મંથન મચાવી મૂક્યું હતું. એકાદ નાટક ભજવાતું હોય, તેવામાં અધવચ્ચેથી તમે યવનિકા-પડદો હઠાવી દો, તો તમને એ પડદા પાછળ અનેક ભેદી કારભારો ચાલતા માલમ પડશે, એવી જ સ્થિતિ અત્યારે બધાના મનની હતી." (પૃષ્ઠઃ૮૪) કમલ સ્પષ્ટ વક્તા છે. તેથી આ તાર્કિક દલીલો તેની નફ્ફટાઈ નથી, પરંતુ વિચારોની પરિપક્વતામાંથી જન્મેલ આત્મવિશ્વાસ છે. કમલ પ્રેમ અને ત્યાગ જેવા રૂપાળા (glorified) અને જેનું ભારતીય સમાજમાં ગૌરવ કરવામાં આવે છે તેવા વિશેષણો પાછળ છુપાયેલ દંભ(Hypocrisy)ને તે સ્વીકારતી નથી. તેથી જ તેનું સ્વતંત્ર

વ્યક્તિત્વ(Free Spirit) બંગાળી સમાજના પરંપરાગત રીતે વિચારતા સ્ત્રી અને પુરુષોના મનમાં અજંપો લાવે છે.

શાહગંજ મહોલ્લામાં મોચીની વસ્તીમાં રહેતી કમલને અજીત મળે છે ત્યારે તે બંને કારમાં ફરવા જતા કમલ તેની બાજુમાં બેસે છે, તેના પ્રત્યે અજીત સંકોચ અનુભવે છે. કમલના વિચારોની જેમ જ તેનું વર્તન પણ સ્વતંત્ર છે. અજીત કમલના સ્વભાવ વિશે ગૂંચવણ અનુભવે છે. "કમલના સંબંધમાં જે લોકોપવાદ હતો, તેમાં ભલે કાંઈ સત્ય પણ હોય, પણ એ સત્ય ઉપર, અસત્યની એટલી તો ઘોર છાયા પડી હતી, કે સત્ય અને અસત્યની છાયાનું પૃથક્કરણ કરવું, અશક્ય હતું."( પૃષ્ઠઃ૧૦૩) વર્તમાન સમયમાં જીવનારી કમલના સુખ દુઃખ પ્રત્યેના વિચારો પણ કંઇક અલગ છે. તે કહે છે કેઃ "જે આનંદ ભોગવાયો, એ ભોગવાયો જ. તેના પછી દુઃખ આવે, તો પણ શિશિરબિંદુઓ જેવો જ શાંતિદાયક આનંદ ભોગવ્યો હોય, તે આનંદને કાંઈ દુઃખ નામશેષ કરી શકે નહીં. ભલે, નામ માત્ર સુખને પરિણામે ખાંડીબંધ દુઃખ આવે, પણ તેથી કાંઈ ભોગવી ચૂકેલો આનંદ થોડો જ મિથ્યા થાય છે." (પૃષ્ઠઃ૧૦૪) કમલ ભૂતકાળની છાયાઓથી મુક્ત જીવન જીવે છે. તેથી જ ગરીબાઈમાં રહીને પણ તે ખુશ રહી શકે છે.

શિવનાથ બે દિવસથી ગાયબ હોવા છતાં તે અજીત સાથે મુક્તમને અને કોઈ પણ સ્વાર્થ વગર વાત કરી શકે છે. તે અજિતને પોતાના જન્મની લજ્જા જનક વૃત્તાંતની હકીકત જણાવતા પણ ખચકાતી નથી. તેની મા ચાના બગીચામાં કામ કરતી, બગીચાના શેઠને ત્યાં ત્રણ વર્ષ પછી કમલનો જન્મ થયેલ છે. બીજાની વ્યભિચાર વૃત્તિના શિકારને કારણે કમલનો જન્મ થયો છે. આ કમલને શિવનાથનો ભેટો આસામમાં જ થાય છે. અસત્ય બોલી પુરુષને ફસાવવાનો તેનો સ્વભાવ નથી. જ્યારે તેનો પતિ શિવનાથ અસત્યને આધારે જ પોતાનું જીવન જીવે છે. અક્ષય જ્યારે છાપામાં કમલની બદનામી કરતો લેખ લખે છે ત્યારે અને 'નારી કલ્યાણ મંડળ' દ્વારા યોજાયેલ સમિતિમાં અક્ષય દ્વારા અપાયેલ ભાષણમાં કમલની ઉદ્દેશીને જે બદનામી કરવામાં આવે છે, તેનાથી આશુબાબુ અને કમલને દુઃખ થાય છે. પરંતુ, તેનાથી તે પોતાના જીવનમાં કોઈ ફેરફાર કરતી નથી. તેના પરથી તેના દઢ આત્મવિશ્વાસનો પરિચય મળે છે.

જીવનને લઈને તેનો પોતાનો એક દષ્ટિકોણ છે, જીવન પ્રત્યે તેનો એક નિશ્ચિત મત (stand point) છે. કમલ તેને કોઈના પણ પ્રત્યાઘાત દ્વારા બદલી નાખે તેવી નિર્બળ સ્ત્રી નથી. હિન્દુ ભારતીય સંસ્કૃતિ વિષે સૌ વચ્ચે થયેલ ચર્ચામાં તે સ્પષ્ટપણે કહે છે કેઃ "હિન્દુ ધર્મશાસ્ત્રોમાં એવી કથા છે, કે એક સતી સ્ત્રી પોતાના કુષ્ટરોગી પતિને ખાંધ ઉપર બેસાડીને વેશ્યાને ત્યાં લઈ ગઈ હતી. જૂની દ્રષ્ટિએ, સતીત્વના આદર્શની તુલના કરાય કરી શકાય એમ નથી. પણ આજે તો એ કથા માત્ર મનુષ્યના અંતરમાં ઘૃણા જ પેદા કરે છે." (પૃષ્ઠઃ ૧૫૬) કમલની ભારતીય સંસ્કૃતિ વિશેની આ દલીલ સાંભળીને કોઈ પુરુષ પાત્ર પાસે તેનો જવાબ નથી. આશુબાબુના ત્યાગને પણ તે અપ્રસ્તુત આત્મનિગ્રહ ગણે છે. કમલ સામે દલીલમાં હારી જવાને કારણે કોઈ તક ન મળતાં અજીત પણ કમલના વિચારોને વિજાતીય રક્તનો યોગ ગણે છે. પુરુષ પાત્રોની આ હાર સંદર્ભે લેખક લખે છેઃ "કમલની દલીલો આગળ પરાસ્ત બનેલું પુરુષદળ, મિથ્યાભિમાનથી પોતાની જયઘોષણા કરીને, જાણે પુરુષપણાને જાળવી રાખતું હોય, એવો દેખાવ કરતું, બહાર ચાલ્યું ગયું." ( પૃષ્ઠઃ ૧૫૭)

અક્ષય પર કમલની કોઈ દલીલની અસર થતી નથી. તેને કમલ સ્વચ્છંદાચારમાં રાચતી લાગે છે. તેથી જ સમિતિમાં માત્ર કમલને લક્ષમાં રાખીને આક્ષેપો કરતા તે થાકતો નથી. વ્યક્તિલક્ષી આક્ષેપો દ્વારા આશુબાબુને દુઃખ થાય છે, જ્યારે હરેન્દ્ર અક્ષય સામે તે બાબતે વિરોધ પણ કરે છે. આશુબાબુને કમલ પ્રત્યે પુત્રી તણો સ્નેહ જાગે છે, અજીતને કમલ પર વિશ્વાસ થાય છે અને હરેન્દ્રને પણ ધીમે-ધીમે કમલ પ્રત્યે સહાનુભૂતિ થતી જાય છે. આ પરિવર્તન સ્વેચ્છાએ આવે છે. તેના માટે કમલ આમાંના કોઈપણ પુરુષ પાસે આજીજી કરતી નથી કે દુખડા ગાતી નથી. શિવનાથ કમલને ત્યજે છે તેમ છતાં પણ, તેનામાં નિર્બળતા આવતી નથી.

નીલિમા તેના વૈધવ્યનું દુઃખ અવિનાશબાબુ, તેમનો પુત્ર જગત અને તેમના ઘરની સાર-સંભાળમાં ઓસરી જાય છે. તેને હરેન્દ્ર, અવિનાશબાબુ અને સતીશ દ્વારા સેવા ગણી ગૌરવ આપવામાં આવે છે. આ ગૌરવને કમલ મિથ્યા ગણે છે. તે કહે છેઃ "વાક્યની છટા અને

વિશેષણો આપવામાં ચતુરાઈ, એ બે વડે લોકો ભલે કોઈને ગૌરવ આપે, પરંતુ ગૃહિણીપણાનો આવો ખોટો અભિનય, સાચું માન આપનારો તો નથી જ. એવા મિથ્યાગૌરવનો ત્યાગ કરવો, એમાં જ ડહાપણ છે."( પૃષ્ઠ:૧૮૬) કમલ એવું સ્પષ્ટ રીતે માને છે કે સ્ત્રીનો પતિ મરી જાય પછી અન્યની ગુલામી કરવી એમાં જ નારી દેહની સાર્થકતા નથી. 'ગૃહલક્ષ્મી'ના વિચારને તે સીધેસીધો ગુલામી સાથે જોડે છે.

હરેન્દ્ર અને સતીશ જે આશ્રમ ચલાવે છે, તેને પણ તે આત્મનિગ્રહ માને છે. સતીશ કહે છે કે: "ભારત વર્ષ એ ધર્મભૂમિ છે. ઋષિમુનિઓએ આ દેશના દેવતા છે. અને બ્રહ્મચર્ય એ દેવતાઓનો શ્વાસો શ્વાસ છે. આપણે બ્રહ્મચારી થવાનું ભૂલી ગયા, ત્યારથી જ આપણા સર્વસ્વનો નાશ થઈ ગયો છે." ( પૃષ્ઠ:૧૯૧) હરેન્દ્ર નિરાશ્રિત ગરીબ બાળકોને આશ્રય આપે છે, શાળાઅને કોલેજમાં મોકલે છે, વહેલું ઊઠીને સ્તોત્ર પાઠ અને પ્રાણાયામ કરાવે છે. ઉઘાડે પગે અને ખુલ્લે માથે ચલાવે છે, તેને તેઓ સાદાઈ કહે છે. જમવાની બાબતમાં પણ આકરી મર્યાદા પડાવે છે. આ સર્વને કમલ દંભ ગણે છે. નીલિમા તેના આ મતમાં સંમત થાય છે. અવિનાશબાબુને કમલની દલીલ કરવાની રીત દરેક વાતે ટીકા કરવાની આદત છે તેમ લાગે છે. આશ્રમમાં તેઓ બાળકોને જે આત્મસંયમ બળજબરીથી પડાવે છે તેને કારણે બાળકોના જીવનમાંથી આનંદ ઉડી ગયો છે. આ બાળકો દેશનું કલ્યાણ કરવા કેવી રીતે તત્પર થશે તે વિશે કમલની આશ્રમ વિશેની શંકા સાચી છે.

'શેષ પ્રશ્ન' નવલકથાના 'ઉત્તરાર્ધ'માં આગ્રા શહેર ઈંફ્લુએન્ઝાના રોગચાળામાં સપડાય છે. જેમાં શિવનાથ, આશુબાબુ, અક્ષયબાબુ અને કમલ પણ બિમાર થાય છે. આ ગાળામાં એકબીજાનો સંપર્ક ઓછો થાય છે. કમલ શિવનાથ સાથે ફરીથી સંબંધ નથી બાંધતી. આ જ સમયમાં મનોરમા અને શિવનાથ વચ્ચે સંબંધ બંધાતો જાય છે. આશ્રમમાં કામ કરતો અને પોલીસ જેની પાછળ પડી છે તેઓ રાજન પણ કમલ પ્રત્યે આકર્ષાય છે. કમલના મનમાં પણ રાજન પ્રત્યે સદભાવ છે. રોગચાળાને કારણે હરેન્દ્રબાબુનો આશ્રમ બંધ થાય છે. કમલ બિમાર હોવા છતાં તેના મહોલ્લામાં રહેતા મોચી સમાજના માણસોની નિસ્વાર્થ ભાવે સેવા કરે છે. તે

જોઈને આશુબાબુના મનમાં કમલ પ્રત્યે સન્માન જાગે છે. કમલ શિવનાથ સાથે સમાધાન કરતી નથી. તે બાબતે આશુબાબુ સાથેની ચર્ચામાં વર્ષોથી માનવ મનમાં ગૂંચવણ પેદા કરતા પ્રશ્નો વિશે કમલ કહે છે કેઃ "આજે જે પ્રશ્નો માણસોને મૂંઝવે છે, અને તેના જે જવાબો માણસ જાતે શોધી કાઢે છે, તે જ જવાબો તેને બીજે દિવસે અયોગ્ય લાગે છે. કોઈપણ વસ્તુ ના સંબંધમાં 'શેષ પ્રશ્ન' નક્કી કરી શકાતો જ નથી, તે તો જેમનો તેમ જ રહે છે." (પૃષ્ઠઃ૨૫૪) કમલ અને આશુબાબુ વચ્ચે ચાલતી આવી ચર્ચાઓમાં જ જીવનના ઊંડા પ્રશ્નો વિશે વિમર્શ થાય છે. આશુબાબુ તેમના વિશાળ અનુભવજગતને કારણે સ્ત્રી સમાનતા વિષે કમલ સાથે ચર્ચામાં જોડાય છે. સ્ત્રી-પુરુષ અસમાનતા તેમણે પણ સ્વીકાર્ય નથી.

હરેન્દ્રને પણ કમલ પ્રત્યે નમ્રતાનો ભાવ જાગે છે. લેખક કમલ વિશે લખે છે કેઃ "સમાજ, સન્માન, સહાનુભૂતિ એમાંથી એક પણ વસ્તુ તેને મળે એમ ન હતું, એમ છતાં આ રમણી લેશમાત્ર પણ દુર્બળ બની ન હતી. તે વિપુલ ગરીબાઈમાં પણ સ્વેચ્છાથી અને સ્વતંત્રતાથી પોતાનું જીવન શું કરી શકતી હતી."(પૃષ્ઠઃ ૨૬૫) હરેન્દ્ર કમલની મોચીની વસ્તીમાં સેવા જોઈ મનોમન નીલિમા અને કમલ ની સરખામણી કરતા વિચારે છે કેઃ "સ્ત્રીઓ ખરેખર સંસ્કાર, શિક્ષણ કે સ્વભાવમાં સંપૂર્ણપણે એકબીજાની સાથે મળતી આવતી નથી, પરંતુ બધી સ્ત્રીઓમાં સેવા અને મમતાની લાગણી તો સામાન્ય જ હોય છે." (પૃષ્ઠઃ૨૬૬) તેના દ્વારા પ્રતીત થાય છે કમલમાં પણ સ્ત્રીજન્ય ગુણો છે. તેમ છતાં, તેની કડવું સત્ય બોલવાની ટેવ, ખચકાટનો અભાવ અને દંભના અભાવને કારણે તે અન્ય સ્ત્રીઓ કરતાં જુદી પડે છે.

કમલ પોતાના સ્વતંત્ર અને મોકળાશભર્યા સ્વભાવને કારણે અજીત અને રાજનની જેમ હરેન્દ્રને પણ દંગ કરી મૂકે છે. હરેન્દ્ર જ્યારે કમલને મૂકવા જાય છે ત્યારે મોડું થઈ ગયું હોવાથી કમલ હરેન્દ્રને તેના જ ઓરડામાં સુઈ જવા માટે કહે છે. ત્યારે શરમ અને ડરને કારણે અચંબિત થઈ ગયેલા હરેન્દ્રને તે કહે છે કેઃ " નિર્જન ઘરમાં પતિ પત્ની ન હોય, એવા બે સ્ત્રી-પુરુષો રહી શકે, એ વાત હજી તમારા ખ્યાલમાં આવી નથી. સ્ત્રીઓ એ સ્ત્રીઓ જ છે, એવું જ્ઞાન બ્રહ્મચારી હોવા છતાં, તમને થયું નથી."( પૃષ્ઠઃ ૨૬૮) કમલ જે વિચારે છે તે જ બોલે છે, તેના

બોલવામાં પણ કોઈ ભેદ નથી, તેની પ્રતીતિ થાય છે. તેમ છતાં તેની વાણીથી તે પુરુષ પાત્રોને દ્વિધામાં મૂકી દે છે. જેને કારણે તેના પાત્રમાં સંકુલતા રચાય છે. તેથી તેને નવલકથાકાર 'રહસ્યમય રમણી' તરીકે ઓળખાવે છે. અજીતને પણ કમલની લગ્ન વિશેની વાતો તેના પ્રત્યે વિરાગનો ભાવ પેદા કરે છે. કમલનો લગ્નસંસ્થા પ્રત્યેનો અવિશ્વાસ તેના જીવનના અનુભવને કારણે છે. તેના આ મતમાં નારીવાદી દષ્ટિકોણનો રણકો સંભળાય છેઃ "નારી જીવનમાં પ્રેમ અને લગ્ન જેવો બીજો દંભ છે કે નહીં, એ પ્રશ્નનો નિકાલ કરવાનું કામ, પુરુષોને સોંપી દેવાનો હક, કમલ કે મનોરમા કોઈપણ ધરાવી શકતું નથી. આ પ્રશ્નોનો નિકાલ કરવાનું કામ ફક્ત સ્ત્રીઓને માટે જ રહેવા દેવો પડશે. આજ સુધી સ્ત્રીઓનાં પ્રશ્નોનો નિકાલ પુરુષોએ જ કરી નાખ્યો છે, પણ તેથી તો જગતમાં માત્ર ન્યાયનું ખૂન જ થયું છે, સ્ત્રીઓની ભયંકર અથડામણ થઈ છે અને પુરુષોની સ્ત્રીઓ પ્રત્યેની દષ્ટિ જ સંકીર્ણતાથી ભરપૂર બની ગઈ છે."(પૃષ્ઠઃ ૨૯૭) અજીત સ્ત્રીઓને ક્ષણસ્થાયી અને નિર્બળ ગણે છે. તેનો ઉત્તર આપતાં કમલ કહે છે કેઃ "હું પણ જાણું છું કે તેમને સન્માન ન જ મળી શકે, પણ એનું એ કારણ પુરુષો જ છે. પુરુષોની ફૂલો અને સ્ત્રીઓ તેની દષ્ટિ જ મલિન છે. એટલે તેઓ કરમાઈ ગયેલા ફૂલ ફેંકી દે છે, તે જ પ્રમાણે સ્ત્રીઓને પણ તિરસ્કારે એ કેવળ વાસ્તવિકતા છે." (પૃષ્ઠઃ ૨૯૭) વેલા પણ કમલનો સ્વભાવ જોઈ, તેની બેફિકરાઈથી દંગ રહી જાય છે. તે કહે છેઃ " શું ઈશ્વર પણ એને હિસાબે બાળકોનું રમકડું છે કે ?"(પૃષ્ઠઃ૩૧૦)

ફ્રેન્ચ વાર્તા ' જ્યારે હું સ્ત્રી હતો' વિશેની ચર્ચામાં પણ ત્યાગની જ્યારે વાત આવે છે, ત્યારે પુરુષોએ સ્ત્રીઓ પર બેસાડી દેવામાં આવેલ ત્યાગની દિવ્યતાના દંભને છતો કરતાં કમલ કહે છે કેઃ "જે મનુષ્ય બીજાને પૂરેપૂરો ચૂસી લેવા માંગે છે, તે જ મનુષ્ય બીજાને નિસ્વાર્થ ત્યાગ કરવાનો ઉપદેશ આપે છે."(પૃષ્ઠઃ ૩૨૪) પુરુષપ્રધાન સમાજે ત્યાગ-સમર્પણ જેવા ગુણોને સ્ત્રીઓના માથે લાદી દઈને જે શોષણ કર્યું છે તેને કમલ વાચા આપે છે. કમલના આવા મતને કારણે નીલિમાની આંખો ઉઘડતાં તેનો કમલ પ્રત્યેનો વિશ્વાસ દઢ થતો જાય છેઃ "કમલ તો જાણે એક નદીનું માછલું જ છે. તેને પાણીથી ભીંજાવા ન ભીંજાવાનો સવાલ નથી. ખાવા પહેરવાની ચિંતા નથી. તેના ઉપર સત્તા ચલાવનાર કોઈ વ્યક્તિ નથી. તેમ તેને અંકુશમાં રાખનાર કોઈ સમાજ પણ નથી. તે પૂરેપૂરી સ્વતંત્ર છે." (પૃષ્ઠઃ ૩૩૧)

આવી પૂર્ણ સ્વતંત્ર, હિંમતવાન અને જ્વલંત બુદ્ધિ ધરાવતી કમલ આશુબાબુને મનોરમા અને શિવનાથના લગ્નની સંમતિ આપવા માટે પણ મનાવે છે. હરેન્દ્રબાબુને આશ્રમ બરખાસ્ત કરવા સુધીનું મનોમંથન કરાવે છે. અક્ષય પણ નવલકથાની અંતમાં કમલ પ્રત્યેનું પોતાનું મંતવ્ય બદલે છે. અજીત પણ કમલને સ્વીકારે છે. આવું સશક્ત નારી વ્યક્તિત્વ નવલકથાની અંતે 'શેષ પ્રશ્ન' નો ઉત્તર આપતા કહે છે કેઃ "આચાર, અનુષ્ઠાન અને ધર્મનો હું નાશ કરવા નથી માંગતી, પરંતુ તેમાં ફેરફાર કરવા માગું છું. ગઈકાલથી ચાલ્યા આવતા ધર્મ વિચારોમાં જડતા જામી ગઈ છે, તેના ઉપર હું જબ્બર આઘાત કરીને તેમાં ચેતના લાવવા માંગુ છું." (પૃષ્ઠઃ ૩૮૫) આશુબાબુ પણ અંતે કમલ પાસેથી શીખે છે કેઃ "અનુકરણથી મુક્તિ નથી, જ્ઞાનથી મુક્તિ છે." (પૃષ્ઠઃ ૩૯૬) આમ, કમલ નવલકથાને અંતે પોતાનાં વિચારો કઈ દિશામાં ગતિ કરી રહ્યાં છે તેનો ખુલાસો કરે છે. તેને રૂઢ થઈ ગયેલાં અને જડતા ધરાવતાં વિચારોનો પ્રતિકાર કરી ધર્મ, ભારતીયતાનાં આદર્શો અને લગ્ન જેવી વ્યવસ્થામાં પરીવર્તન લાવવું છે. આ પરીવર્તન સ્ત્રીઓનાં હિતમાં હોવું રાષ્ટ્રની ઉન્નતિ માટે આવશ્યક છે. તેનો ચિતાર તેની વિચારસરણીમાંથી મળે છે.

શરદચંદ્ર ચટ્ટોપાધ્યાય દ્વારા 'શેષ પ્રશ્ન' નવલકથામાં રચાયેલ કમલની નારી છબી વિશિષ્ટ નારી છબી છે. તેમાં સશક્ત નારીમાં હોવા જોઈતા સર્વ ગુણોનો સમન્વય છે. સાથે સાથે તે સંપૂર્ણ રીતે સ્વતંત્રતાપૂર્વક જીવી શકવાની હિંમત તથા તૈયારી પણ ધરાવે છે. અન્ય સ્ત્રી કે પુરુષ દ્વારા તેના પ્રત્યેના મંતવ્ય કે પૂર્વગ્રહથી તે ડરીને પોતાનો મત રાખતા ખચકાતી નથી. અન્યને પોતાના જેવા બનવા માટે સલાહ પણ આપતી નથી. તેને માત્ર પોતાના સ્વતંત્ર અને પરિપક્વતાભર્યા વિચારો સાથે જીવવું છે. તે માટે તે પોતાના થયેલા અપમાનની પણ પરવા કરતી નથી. જેને કારણે તેની વિરુદ્ધમાં સ્ત્રી તેમજ પુરુષ પાત્રોના જે પણ પૂર્વગ્રહો છે, જે પણ મંતવ્ય છે તેને બદલવામાં નવલકથાના અંત સુધી તે સક્ષમ બને છે. અન્ય પાત્રોના વિચારોમાં તેના પ્રત્યે આવેલું પરિવર્તન કોઈ બળજબરીપૂર્વક નથી. તે તો પોતાના મનને અડગ રાખીને જીવતી જાય છે. પતિ શિવનાથ દ્વારા તેનો થયેલો ત્યાગ પણ તેને નિર્બળ કે પરતંત્ર બનાવી શકતો નથી. તે આડંબર અને અસત્યનો પ્રતિકાર કરતી સ્ત્રી છે. 'દાસી કન્યા', 'નોકરડી', 'વિદેશી રક્તનાં યોગથી મલીન'-જેવી તેની છબી તેના વર્તનમાં પરીવર્તન લાવી શકતી નથી. તેનાં સત્ય પ્રત્યે તેનો વિશ્વાસ અચળ છે. તેને ભૂતકાળ કે ભવિષ્યની ચિંતા નથી. તેમજ શિવનાથ કે અન્ય કોઈપણ વ્યક્તિ પ્રત્યે તિરસ્કાર નથી. આમ, કમલનું પાત્ર એક સ્વતંત્ર સ્ત્રીનું

પાત્ર છે. તેની સ્વતંત્રતા માત્ર ઉપરછલ્લી નથી. તે સામાજિક, શારીરિક અને માનસિક ત્રણેય સ્તરે સત્ય બનીને લોકોની સમક્ષ આવે છે.

## ૬.૨.૩ નીલિમાઃ

નીલિમા એક વિધવા સ્ત્રી છે. તે અવિનાશબાબુની સાળી છે. અવિનાશબાબુની પત્નીના મૃત્યુબાદ તેમના પુત્ર જગતની સારસંભાળ માટે હવાફેર કરવા આવેલ નીલિમા અવિનાશબાબુને ત્યાં જ પોતાનું જીવન ગાળે છે. વિધુર થયા બાદ પણ અવિનાશબાબુનો પત્ની પ્રેમ અચળ છે. નીલિમા અવિનાશબાબુ, તેમનો પુત્ર જગત અને અવિનાશબાબુના ઘરની સાર-સંભાળ અને સેવામાં પોતાનું જીવન વ્યતિત કરે છે. તેના વૈધવ્યનું દુખ બીજાની સેવામાં ઓસરી જાય છે. નીલિમા સ્પષ્ટ વક્તા છે. તેનામાં જીવનનાં અન્ય પાસાંઓ વિશે વિચારવાની મોકળાશ છે. તેમજ અન્યનાં મંતવ્યોને પોતાના દષ્ટિકોણથી વિચારવાની પરિપક્વતા પણ નીલિમાની નારી છબીમાં જોઈ શકાય છે. તેથી જ કમલ વિશે સમિતિમાં અક્ષયબાબુ અને અન્ય પાસેથી વાત સાંભળતા તેને કમલને મળવાની ઈચ્છા જાગે છે. અવિનાશબાબુ અને અન્ય પાત્રો જ્યારે કમલની મિત્રાચારી ને કલંક ગણે છે તે સમયે તેમના વિચારોથી અભિભૂત (influenced) ન થતા નીલિમા કોઈ પૂર્વગ્રહ વગર કમલને મળવાની તૈયારી બતાવે છે.

અવિનાશબાબુ અને આશુબાબુની જેમ નીલિમા પણ એકનિષ્ઠ પ્રેમમાં માનનારી છે. કમલનો એકનિષ્ઠ પ્રેમ પ્રત્યેનો પ્રતિભાવ જોઈ નીલિમાને દુઃખ થાય છે. તેમ છતાં ‘વિધવા થયા બાદ અન્ય પુરુષની ગુલામીમાં નારી દેહની સાર્થકતા છે’- આવા મિથ્યા ગૌરવને ત્યજી દેવા માટે કમલ જણાવે છે, ત્યારે આશ્ચર્ય છતાં તે કમલ સાથે સહમત થાય છે. નીલિમાની સેવા માટે પુરુષ પાત્રો જ્યારે તેના વખાણ કરે છે, ત્યારે તેમાં નીલિમાના ભાગમાં ઘરની ગૃહિણી/ માલિક હોવાનો કેવો આડંબર છે તેના વિશે કમલ તેને વિચારવા પર મજબુર કરે છે. નીલિમાના મનમાં દેખાડો કરવાની કોઈ વૃત્તિ નથી. તેમ છતાં પુરુષો દ્વારા તેની સેવાની પ્રશંસાથી આત્મ નિગ્રહમાં

ન રાચે તેના માટે કમલ તેને વાસ્તવિકતા પ્રત્યે સભાન કરે છે. કમલના વિચારોને પોતાના દૃષ્ટિકોણથી તપાસીને તેની સાથે તે સહમત થાય છે.

આશ્રમમાં બાળકોને આત્મસંયમને નામે વૈતરું કરાવવામાં આવે છે. સાદાઈના નામે તેમના જીવનનો ઉલ્લાસ છીનવી લેવામાં આવે છે. ત્યારે આદર્શોને નામે ઉજળા કરાયેલાં આ કાર્ય ને કમલ વખોડે છે. બાળકોની પરિસ્થિતિ જોઈ નીલિમા પણ કમલ સાથે સહમત થાય છે. હરેન્દ્ર, સતીશ અને અવિનાશબાબુ જ્યારે આશ્રમની નીતિ-રીતિથી ધન્યતા અનુભવે છે અને ભારતીય આદર્શોનો ઉપદેશ આપે છે ત્યારે નીલિમા કહે છેઃ "બધા જ મર્દો પારકાને ઉપદેશ આપવામાં શૂરા છે."(પૃષ્ઠઃ૨૦૪) અવિનાશબાબુ નીલિમાને કમલ સાથે સહમત થતાં જોઈ આશ્ચર્ય અનુભવે છે. તેને 'કમલ ભક્ત' પણ કહે છે. આ નવલકથાનાં પુરુષ પાત્રો સત્ય અને સ્પષ્ટ વક્તા કમલ અને નીલિમાને જોઈને અંતરમાં જે ભીતિ અનુભવે છે, તેનું આ એક ઉદાહરણ છે.

નીલિમા કમલની દરેક વાતે સહમત થાય એવું પણ બનતું નથી. તેના જીવન જીવવાની રીત જોઈને નીલિમા કહે છેઃ "પૃથ્વીના સઘળા મહાન તત્ત્વો માણસોના હાહાકારમાંથી જ જન્મે છે, પરંતુ જે લોકો બધો કાળ, મોજ મજાહથી જ પૂરો કરે છે, તે લોકો એ મહાન તત્વોને કેવી રીતે પામી શકે?" (પૃષ્ઠઃ૩૦૩) આ જ નીલિમા જ્યારે કમલના વાણી-વર્તન વિશે શાંતિથી વિચારે છે ત્યારે તેને પ્રતીત થાય છે, કે કમલ એ પૂર્ણ સ્વતંત્ર સ્ત્રી છે. કમલને કોઈપણ જાતની સત્તા તેના પર બંધન લાદી શકતી નથી. તેના સ્વતંત્ર જીવવાને કારણે લોકો જે કલંક લગાડે છે, તે કલંક સહન કરવાની હિંમત બીજામાં નથી. તેથી સ્ત્રીની સ્વતંત્રતા વિશે તેની સમજ પણ બદલાય છેઃ " સ્ત્રીઓને સ્વતંત્રતા આપવી એ બોલવું જ મિથ્યા છે. કારણકે સ્વતંત્રતા એ કાંઈ આપવા લેવાની વસ્તુ નથી. એ જાતે મેળવી લેવાની વસ્તુ છે."(પૃષ્ઠઃ ૩૩૨) અવિનાશ બાબુ બિમાર પડતાં આગરાથી બહાર આરામ માટે ચાલ્યા જાય છે. નીલિમા આશુબાબુ બિમાર પડતાં તેમની નિસ્વાર્થ ભાવે સેવા કરે છે. કમલના વિચારોથી સ્વતંત્ર અને પરતંત્ર વિશે તેની સમજ વિકસે છે. તેને કારણે તે કમલને આશ્રય માટે વિનંતી પણ કરે છે. નવલકથાની અંતે હરેન્દ્ર નીલિમાને પોતાની સાથે લઈ જાય છે.

નીલિમા વિધવા સ્ત્રી હોવા છતાં તેનામાં પોતાના અને અન્ય સ્ત્રી વિશેના વિચારો કરવાનો અવકાશ છે. વૈધવ્યને કારણે તે માનસિક રીતે કુંઠિત થઈ નથી. અવિનાશબાબુના ઘરમાં રહેવા છતાં તેને પોતાનો મત છે. તે સહેલાઈથી અન્યના મતનો વિના વિચાર્યે સ્વીકાર કરે તેટલી નિર્બળ પણ નથી. તેનામાં મધુરતા, નમ્રતા અને સ્પષ્ટતા છે. તે સેવાભાવી અને એકનિષ્ઠ પ્રેમમાં માનનારી છે. કમલ જેવી સ્વતંત્ર સ્ત્રીના સંપર્કથી તે ઈર્ષા કે લઘુતાગ્રંથિ નથી અનુભવતી. કમલના વિચારોને પોતાની રીતે મૂલવી તેનો સ્વીકાર કરે છે. આમ, નવલકથાની શરૂઆત થી નવલકથાના અંત તરફ જતાં નીલિમાનુ પાત્ર વિકાસશીલ બનતું જાય છે.

## ૬.૩ 'શેષ પ્રશ્ન'- બંગાળી નવલકથાના ગૌણ નારી પાત્રોની છબીઃ

### ૬.૩.૧ માલિનીઃ

માલિનીએ આગ્રાના મેજિસ્ટ્રેટની પત્ની છે. તે મનોરમાની સખી છે. 'નારી કલ્યાણ મંડળ'ની સભ્ય માલિની કમલ વિશે ભાષણ અને વાતો સાંભળી અચરજ પામે છે. બંગાળી ઉચ્ચ કુટુંબની આ સ્ત્રી કમલ જેવી સ્વતંત્ર વિચાર અને વર્તન ધરાવતી સ્ત્રીને મળીને વિતંડતાવાદથી ગ્લાનિ અનુભવે છે. માલિની બંગાળી સમાજના ઉચ્ચ ગણાતા ભદ્ર કુટુંબની સ્ત્રીની છબી પૂરી પાડે છે.

### ૬.૩.૨ વેલાઃ

વેલા નવલકથાના ઉત્તરાર્ધમાં આશુબાબુને ત્યાં આવેલ અતિથિ છે. વેલાના પિતાને ધર્મમાં અશ્રદ્ધા હતી. શિક્ષિતા વેલાનું લગ્ન એક વિદેશી છોકરા સાથે થયું હતું. સગાઓને વિલાસ પ્રિયતા ન ગમતા તેના છૂટાછેડા થાય છે. તે કહે છેઃ "સમસ્ત નારી જાતિના સન્માનને સાચવવા માટે, મે તે દિવસે પણ મારા પર ટીકા થાય, એવો માર્ગ સ્વીકાર્યો હતો."( પૃષ્ઠઃ ૩૦૫) વેલા પણ કમલના વાણી-વર્તનથી અચંબો પામે છે. તેને પણ કમલ સ્વચ્છંદી લાગે છે. નારી દેહના સૌંદર્ય સાથેના સંબંધને ઉપભોગ સીવાય બીજું કોઈ પ્રયોજન છે કે નહીં તે વિશે ફ્રેન્ચ વાર્તા ' જ્યારે હું સ્ત્રી હતો' સાંભળીને પોતાના જીવન વિશે વિચારે છે. નવલકથાની અંતે વેલા

માલિની સાથે રોકાવા જાય છે. વેલા સ્વમાન માટે પોતાનું લગ્ન ત્યજે છે. તેને માટે તે ગૌરવ લેનારી સ્ત્રી છે. તેનું પાત્ર નવલકથામાં સામાન્ય સ્ત્રીની છબી ધરાવે છે.

## ૬.૪ ઉપસંહાર:

'શેષ પ્રશ્ન' શરદબાબુની એવી નવલકથા છે, જે સમયના પટને પર થઈને આજના સમયમાં પણ પ્રસ્તુત બની રહે છે. 'શેષ પ્રશ્ન'માં અનેક પુરુષ પાત્રો અને સ્ત્રી પાત્રો હોવા છતાં, કમલનું પાત્ર કેન્દ્રવર્તી બની રહે છે. 'શેષ પ્રશ્ન'નાં નારીપાત્રો આગ્રામાં રહેતા બંગાળી સમાજમાંથી આવે છે. આ નારીપાત્રો બુદ્ધિમતી અને વિચારશીલ છે. દરેકને જીવનને લઈને પોતાનો આગવો દૃષ્ટિકોણ છે. કમલ સિવાયના મોટાભાગના નારીપાત્રો ભારતીય સ્ત્રીના આદર્શો અને પરંપરાને જાળવીને જીવે છે. તેઓને આ આદર્શો અને પરંપરા સામે કમલના આગમન પહેલાં કોઈ પ્રશ્ન કે શંકા નથી. કમલ આ નવલકથામાં દરેકનાં એકધાર્યા ચાલતા જીવનમાં વંટોળ લઈને આવે છે. જેને કારણે ભારતીય સમાજ, ધર્મ, રાષ્ટ્ર, કલ્યાણ, સેવા, નૈતિકતા, લગ્ન સંસ્થા, એકનિષ્ઠ પ્રેમ, સ્ત્રીની સ્વતંત્રતા અને આત્મનિગ્રહના આડંબર- જેવા વિષયોને લઈને નવલકથાનું દરેક પાત્ર વિચાર-વિમર્શમાં ભાગ લે છે. આ ચર્ચા ઉપરછલ્લી નથી. સમાજના પરિવર્તનમાં આંધી લાવી શકે તેટલી સશક્ત છે. કમલના નારી પાત્રને આ શ્રેય જાય છે.

જીવનમાં સ્ત્રી પોતાના વિશે ન વિચારે અને પુરુષ દ્વારા ઉજળા કરાયેલાં (glorified) વિશેષણોને આદર્શ માની લઈ તે જ પ્રમાણે જીવે તો સ્ત્રીના સ્થાનમાં પરિવર્તન આવવું મુશ્કેલ છે. જેને કારણે શરદચંદ્ર તે સમયે પણ કમલ જેવું સશક્ત (Strong) અને પ્રતિકારથી ભરપૂર (Radical) સ્ત્રીપાત્ર આ નવલકથામાં લાવી આપે છે. જેની પ્રસ્તુતતા આજના સમયે પણ ઓછી નથી. કમલ જેવી હિંમતવાન, સ્પષ્ટ વક્તા અને સ્વતંત્ર સ્ત્રી જે આડંબર અને દંભને ખુલ્લા પાડવા માંગે છે, તે દંભ આજના સમયે પણ સમાજમાં પ્રવર્તમાન છે. નીલિમાનું પાત્ર વિકાસશીલ છે. જ્યારે માલિની અને મનોરમા જેવા પાત્રો પુરુષ પ્રધાન સમાજમાં અને તેની વિચારસરણીમાં બંધ બેસી જાય તેવા પાત્રો છે. કમલ જેવી બુદ્ધિજીવી અને વાણી-વર્તનમાં સામ્ય ધરાવતી નારી છબી માટે શરદચંદ્રની આ નવલકથા ધ્યાનાર્હ બને છે. શરદચંદ્રના નારી પાત્રો

વિષે રામસ્વરૂપ ચતુર્વેદી લખે છે કેઃ "અપને સમાજ કી કુરીતિયોં કા જહાઁ ઉન્હોને ચિત્રણ કિયા, વહી વે ઉસકી અમીટ આસ્થા તથા મર્યાદા કા ભી અંકન કરતે હૈ. ઇસ સંબંધ મેં ઊનકા દૃષ્ટિકોણ કભી નિરાશાવાદી નહીં રહા. સ્ત્રી સમાજ કી વકાલત શરત ચંદ્ર ને નિતાંત બૌધ્ધિક સ્તર પર કી હૈ."૨ આ નવલકથાના સંદર્ભે શરદચંદ્રને નારી પાત્રોની છબી રચવામાં તેમનો આ બૌધ્ધિક દૃષ્ટિકોણ સાચો પૂરવાર થાય છે.

બંગાળી સમાજની ખાણીપીણી, જીવનશૈલી, માનસિકતા, બ્રહ્મસમાજનો પ્રભાવ અને સાંસ્કૃતિક સંદર્ભોને આ નવલકથામાં વણી લેવામાં આવ્યા છે. 'બૌદી' અને 'ગિન્ની' જેવા 'બહેન' માટે ઉપયોગમાં લેવાતાં બંગાળી શબ્દોને તેમજ પુરુષના નામ પાછળ લાગતાં 'બાબુ'ને કારણે ગુજરાતી ભાષાંતરમાં પણ બંગાળી પરિવેશ સચવાઈ રહ્યો છે. નવલકથાને 'પૂર્વાર્ધ' અને 'ઉત્તરાર્ધ'માં વહેંચવામાં આવી છે. જે પ્રશ્નને લઈને વિચાર-વિમર્શ 'પૂર્વાર્ધ'માં ચાલે છે, તેનો ઉત્તર 'ઉત્તરાર્ધ'માં, નવલકથાને અંતે કમલ દ્વારા અપાયો છે. આ નવલકથા પરંપરા કે ધર્મનાં ધ્વંશની નથી, રૂઢ થઈ ગયેલાં જડ રિવાજો-આદર્શોનાં આડંબરને ખુલ્લો પાડી તેમાં પરીવર્તન લાવવાનાં હેતુસર રચાયેલી છે. નવલકથાનાં નારી પાત્રોની સાથોસાથ નવલકથાનાં પુરુષપાત્રો (શિવનાથ અને મનોરમા સિવાય) પણ વિકાસશીલ દિશામાં ગતિ કરે છે. તેથી નવલકથાનો અંત વધુ વાસ્તવિક લાગે છે.

## ૬.૫ સંદર્ભ:

૧. Women's Images Men's Imaginations, Banani Mukhia; Manohar Publishers, New Delhi; 2002, P.71

૨. શરત કે નારી પાત્ર, રામસ્વરૂપ ચતુર્વેદી; ભારતીય જ્ઞાનપીઠ, કાશી; પ્રથમ સંસ્કરણ, ૧૯૯૩; પૃ. ૩૩૬